
ॐ રામકૃષ્ણાય નમઃ ॥

જ્ઞાનમાળા — પુષ્પ પ્રથમ

ઉપદેશામૃત

ભગવાન રામકૃષ્ણ પરમહંસ. — સ્વામી વિવેકાનંદ.





પ્રથમ તમે જાતે ધાર્મિક બનો અને સત્યની પ્રાપ્તિ ક

શ્રી રામકૃ

સર્વદા આત્મ-વિશ્વાસ (આત્મ શ્રદ્ધા) રાખવાનો અ

સ્વા

સંપાદક—ડાહ્યાભાઈ રામચંદ્ર મહેતા

આત્મ જીવન—અમદાવાદ

પ્રકાશક

શ્રી રામકૃષ્ણ સેવા સમિતિ—આણંદ.

કીંમત ૨ રૂ. — [પ્રત ૨૫૦૦

સંવત ૧૯૭૯

આણંદ ચરોતર પ્રિન્ટિંગ પ્રેસમાં [illegible] પટેલે
પ્રકાશકને માટે છાપ્યાં. તા. ૬-૧૦-૨૩.

નિવેદન

" ઓગણીસમી સદીના આ મહાન આચાર્ય પોતાના ધર્મ-ઉપદેશ માટે પોતે કંઈપણ હક કરતા નહોતા, તેઓ કોઈ ધર્મ ઉપર કોઈ પ્રકારનું આક્રમણ કરતા નહોતા, કારણકે વિશ્વના સર્વ ધર્મો એક સનાતન ધર્મના અંગ-પ્રત્યંગ છે એવી તેમને સંપૂર્ણ પ્રતીતિ હતી. " આ શબ્દો ભગવાન રામકૃષ્ણના પ્રાણ સ્વરૂપ સ્વામી વિવેકાનંદજીના છે એ મહાન પુરૂષ જીવનજ્યોતિ અને ગુજરાતમાં પણ પ્રકટે તે હેતુથી નિયમીત રીતે યથાઃ જ્ઞાન પ્રદાન કરવા માટે આણંદની શ્રી રામકૃષ્ણ-સેવા-સમિતિ ... શરૂ કરી ને માળાના પ્રથમ પુષ્પ તરિકે આ લઘુ પુસ્તક ... ધર્મ-પ્રેમી બંધુઓના હસ્ત કમળમાં સાદર રજુ કરે છે.

ઉદ્દેશ

આવાં પુસ્તકો પ્રસિદ્ધ કરી સસ્તી કીંમતે અગર તો વિના મૂલ્યે—ગુજરા-...ના હસ્તે પહોંચાય તે હેતુથી આ જ્ઞાનમાળાની શરૂઆત કરી છે. ...ાં આપણી ધર્મ પ્રધાન ભૂમિમાં જ્ઞાન પ્રદાન વિના મૂલ્યે જ ... અત્યારે દશા બદલાવાના કારણે નષ્ટપ્રાય: થએલ છે. ... સોસાઈટી જેવી સંસ્થાઓ કોઈને ધર્મનાં પુસ્તકો મફત

... કે કનીક બંધુએ આનું અનુકરણ કરી જ્ઞાન-દાન ...ો. અમારે પણ તેવીજ ઇચ્છા છે. પણ આર્થિક મદદની ...ને સર્વ સમર્થ ધણી યથાયોગ્ય કરશે જ. હમારી ઇચ્છા આ ...ા મૂલ્યે વહેંચવાની હતી પરંતુ આ સમિતિ સં. ૧૯૭૯ના ...ના દિવસેજ સ્થાપન થઇ છે. હજુ બાલ્યાવસ્થામાં છે ને ...આ પ્રયાસની શરૂઆત થાય છે. વિગેરે સંજોગોથી આ પુષ્પ ...નજીવી કીંમતે વહેંચવાનું નક્કી કર્યું છે. આપને અમારી નમ્ર ... છે કે આ સાથે પ્રકટ થએલા ઉપદેશામૃતનું પાન કરી થોડા થોડા ...આચરણમાં ઉતારવા અવશ્ય પ્રયત્ન કરવો તેમાંજ આપણું કલ્યાણ ...સમાએલું છે હરિઃ ૐ

શ્રી રામકૃષ્ણ સેવા સમિતિ
આણંદ.
ભાદ્રપદ શુક્લ એકાદશી ૧૯૭૯ } હરિપ્રસાદ ભજારામ શુક્લ

...ધઃ—એક પુણ્યાત્મા તરફથી આ પુસ્તકની હજાર પ્રતનું ખર્ચ ...માં આવ્યાથી આ પુસ્તક વિનામૂલ્યે વહેંચાય ...

ઉપદેશામૃત.

(श्री रामकृष्ण परमहंस कथित.)

૧ રાત્રિને સમયે આકાશમાં અસંખ્ય તારા જોવામાં આવે છે, પરન્તુ સૂર્યોદય થયા પછી તે જોવામાં આવતા નથી તેથી દિવસે આકાશમાં તારા નથી એમ કહી શકાય નહિં તેજ પ્રમાણે અજ્ઞાન અવસ્થામાં મનુષ્ય ઇશ્વર દર્શન કરી શકતો નથી તેથી ઇશ્વર છેજ નહિં એમ કહી શકાય નહિં.

૨. જેમ જળને કોઇ વારિ, કોઇ પાણી, કોઇ વૉટર અને કોઇ એકવા કહે છે તેજ પ્રમાણે એક સચ્ચિદાનંદ [ઇશ્વર] ને ભિન્નભિન્ન દેશમાં કોઇ અલ્લા, કોઇ હરિ, કોઇ ગૉડ અને કોઇ બ્રહ્મ [ઇશ્વર] કહે છે.

૩. લોહ એક વખત પારસમણીનો સ્પર્શ કરી સોનું બને છે, પછી તેને કાદવમાં મૂકો, કે ગમે તો બીજા કોઇ મલિન સ્થાનમાં રાખો, પણ તે સોનું તે સોનુંજ રહેશે. તે પુનઃ કદી પણ લોહ થશેજ નહિં. જેણે ઇશ્વર પ્રાપ્ત કર્યા છે તેની અવસ્થા એવીજ છે. જેને ઇશ્વરનાં દર્શન થયાં છે. તે સંસારમાં રહો કે પછી વનમાં રહો. તેના મન પર સંસારની મોહમાયાનો રંગ કદીપણ લાગશે નહિં.

૪. પરિપકવ થતાંજ કેવી અવસ્થા થાય છે ? જેમ બટાકા, રિંગણાં, દૂધી વગેરે ચૂલા ઉપર રંધાતાં (પરિપકવ થતાં) નરમ થઇ જાય છે તેજ પ્રમાણે જ્ઞાનથી પરિપકવ થયેલો મનુષ્ય પણ નમ્ર થઇ જાય છે. તેના અહંકાર આદિ ષટ દોષ દૂર થાય છે.

૫. દાદર, નિસરણી, દોરડાં, વાંસ વગેરે નાના પ્રકારના ઉપાય વડે જેમ ઘરના માળ ઉપર ચઢી શકાય છે તેજ પ્રમાણે ઇશ્વરની પાસે પહોંચવા માટે પણ અનેક સાધન–ભજન રૂપી ઉપાયો યોજાયા છે. તેમાં પ્રત્યેક ધર્મ–પંથ–પણ–ઇશ્વર–સન્મુખ પહોંચવાનો એક એક ઉપાય જોવામાં આવે છે. તેથીજ પ્રત્યેક ધર્મ–પંથો સારા છે. કોઇ ધર્મ પંથની નિંદા કરવી નહિં.

૬ માતા જેમ પોતાનાં બાળકોમાંથી કોઇને રમકડું. કોઇને ખાવાનું અને કોઇને કાંઇ રમતમાં રાખી તે નિશ્ચિત જીવે પોતાનું ગૃહકાર્ય કરે છે, પણ એમાંથી કોઇ છોકરૂં રમકડું ફેંકી દઇ " મા, મા, " કહી રડી ઉઠે છે તેનેજ માતા ખોળામાં લઇ સ્તનપાન કરાવી રડતું છાનું રાખે છે. તેજ પ્રમાણે હે મનુષ્ય ! તું પણ માયાની જગતની ક્ષણ–ભંગુર વસ્તુઓના મોહમાં ભૂલા-

વામાં પડયો છે. એ બધું ત્યાગ કરી તું જ્યારે ઇશ્વર–દર્શન માટે અશ્રુપાત કરશે તેજ સમયે તે ઇશ્વર આવી તને ખોળામાં (શરણમાં) લેશે.

૭. ઇશ્વર જ્યારે સર્વત્ર વિદ્યમાન છે; અણુઅણુમાં વ્યાપી રહ્યો છે, ત્યારે તેને આપણે જોઇ શકતા નથી તેનું કારણ શું? ઉત્તર એ છે કે, " ભાઇ, પાંદડાં વડે ઢંકાયલા તળાવની સ્હામે ઉભા રહી તમે પ્રશ્ન કરો છો, કે " તળાવમાં જળ નથી " જો જળનાં દર્શન કરવાની ઇચ્છા થાય તો તેની ઉપરનાં પાંદડાં ખસેડો. માયા વડે નેત્ર ઉપર પડળ બંધાયાં છે તે નેત્રવડે જોઇને કહો છો કે ઇશ્વરને અમે દેખી શકતા નથી, પણ ભાઇ! ઇશ્વરનાં દર્શન કરવાની ઇચ્છાજ હોય તો મોહ–મમતરૂપી માયાને દુર ખસેડી મૂકો.

૮. મિથ્યા તર્ક કરવો નહિ; તમે જેમ તમારા ધર્મ–વિશ્વાસ ઉપર દ્રઢ છો તેજ પ્રમાણે બીજાઓને પણ તેમના ધર્મ વિશ્વાસ ઉપર દ્રઢ રહેવા દો. મિથ્યા તર્ક કરી કોઇને પણ તમે તેની ભુલ સમજાવી શકશો નહિ. ઇશ્વર કૃપા થતાંજ સર્વ મનુષ્યો પોત પોતાની ભુલ પોતાની મેળેજ સમજી શકશે.

૯. હજાર વર્ષના અંધારા ઘરમાં મસાલ બાળતાં તુરતજ પ્રકાશ થાય છે તેજ પ્રમાણે હજાર જન્મનાં પાપ હોય તોપણ તેની (ઇશ્વરની) કૃપા-દ્રષ્ટિ થતાં તે તુર્તજ દુર થાય છે.

૧૦. જો કોઇપણ મનુષ્યને ઇશ્વર સાધનની તીવ્ર ઇચ્છા થશે તો તેજ (ઇશ્વર) તેને સદ્‌ગુરૂ મેળવી આપશે. મનુષ્યને તીવ્ર ઇચ્છા થવી જોઇએ.

૧૧. ઇશ્વરની ઉપાસના કરતી વખત જો કોઇ મનુષ્ય મશ્કરી કરે, ધર્મ અને ધાર્મિકની નિન્દા કરે તો સાધન સમયે સાધકે તેનાથી દુર રહેવું.

૧૨. વાદળાં વડે જેમ સૂર્ય ઢંકાઇ જાય છે તેજ પ્રમાણે માયા વડે ઇશ્વર ઢંકાઇ રહ્યા છે. વાદળું દુર થતાં જેમ સૂર્યનાં દર્શન થાય છે તેજ પ્રમાણે માયા દૂર થતાં ઇશ્વરનાં દર્શન થશે.

૧૩. પ્રશ્નઃ જીવાત્મા અને પરમાત્મામાં ભેદ શો છે?

ઉત્તરઃ જેમ પ્રવાહી જલમાં એક લાકડી અથવા કાચનો કટકો આડો ધરવાથી બે ભાગ દેખાય છે તેજ પ્રમાણે અખણ્ડ પરમાત્મા માયારૂપી ઉપાધિ દ્વારા જીવાત્મા રૂપે જણાય છે.

૧૪. રેલ્વેનું એન્જીન પોતે ચાલ્યું જાય છે અને પોતાની સાથેના કેટલાંએ માલ ભરેલાં ગાડાં ખેંચી લઇ જાય છે તેજ પ્રમાણે અસ્વારી

મહાપુરૂષો (સત્યનિષ્ઠ સદ્ગુરૂ) પણ પાપથી ભરેલા સંસારી જીવોનાં પાપ દૂર કરી ઇશ્વર-સન્મુખ લઇ જાય છે. માટેજ કહેવું પડે છે કે: " **પ્રત્યેક મનુષ્યે કામિની કાંચન ત્યાગી-વિરાગી સદ્ગુરૂ શોધી તેમનું શરણ ગ્રહણ કરવું જોઇએ. સદ્ગુરૂ વડેજ ભયંકર સંસાર સાગર તરી શકાશે.**

૧૫. એક બગલું ધીમે ધીમે એક માછલું પકડવા જતુ હતું. પાછળ એક શિકારી તેનો શિકાર કરવા તાકી રહ્યો હતો. પરન્તુ બગલું તે જાણવા છતાં પણ તે તરફ નજર ફેરવતુ નહિ. દત્તાત્રય ભગવાને પેલા બગલાને જોઇ નમસ્કાર કરી કહ્યું: " ધન્ય છે ત્હને! હું જે સમયે ઇશ્વરના ધ્યાનમાં બેસીશ તે સમયે ત્હારી પેઠે પાછળ ફરીને જોઇશ નહિ.

૧૬. એક સમડીના મ્હોમાં હાડકું જોઇ તેની પાછળ કેટલીએ સમડી અને કાગડાઓ વિંટળાઇ તેને ચાંચો મારી હાડકું પડાવી લેવા યત્ન કરવા લાગ્યા. અંતે સમડીએ કંટાળી હાડકું ફેંકી દીધું ત્યારેજ બધી સમડી અને કાગડા તે હાડકા તરફ ચાલ્યા ગયા. દતાત્રય ભગવાને સમડીને પ્રણામ કરીને કહ્યું. " ધન્ય છે ત્હને! હું પણ હવે સમજ્યો છું કે સંસારનો ભાર ફેંકી દેવાથીજ મનુષ્યને સાચી શાંતિ મળે છે. તેમ ન થાય તો મહાવિપદ આવી પડે છે. પ્રથમ ત્હને બહુ વિપદ પડી. પછી ત્હેં તે પીડા પતાવી. સંસારનો ભાર પણ એવોજ પીડારૂપ છે.

૧૭. પ્રશ્ન: " ભક્ત લોકો ભગવાનને માટે સર્વસ્વનો ત્યાગ કરે છે. તેનું કારણ શું? "

ઉત્તર: " પતંગીઉં એક વખત દીપકનો પ્રકાશ જૂવે છે પછી તે અંધકારમાં જતું નથી. ગોળ ઉપર બેઠેલી કીડીનો પ્રાણ જાય છે પરંતુ તે ત્યાંથી પાછી હઠતી નથી. ભક્તજનો પણ એ પ્રમાણે ભગવાનને માટે પ્રાણ આપે છે. તેઓ કોઇ અન્ય વસ્તુને ચ્હાતાજ નથી. જેને જેનો સ્વાદ લાગે છે તે તેને પ્રાણ જતા સુધી ત્યજતા નથી. ભક્તોને ઇશ્વરનો સ્વાદ લાગી ગયો હોય છે.

૧૮. સાધુ હોય છે તેજ સાધુને આળખી શકે છે. જેમ સુતરનો વેપારી સુતરને જોતાંજ તે કયા નંબરનું છે તે તુર્તજ કહી દે છે.

૧૯. અન્યને મારવા માટે ઢાલ તરવારની આવશ્યક્તા જણાય છે પણ પોતાને મારવા માટે સામાન્ય (હજામની) એક નરેણી બસ છે. જનસમાજને ઉપદેશ આપવા માટે અનેક શાસ્ત્ર કહી સંભળાવવાની આવશ્યકતા

હોય છે પરન્તુ પોતાને ધર્મ-પ્રાપ્તિ કરવી હોય તો માત્ર એકજ ધર્મ-વાક્ય ઉપર વિશ્વાસ રાખવાથી તેમ થઇ શકે છે.

૨૦. જો પવિત્ર થવાની ઇચ્છા હોય તો ઇશ્વર ઉપર વિશ્વાસ રાખો, અને તેનાં દર્શન કરવાની સાધના કર્યા જાઓ. જેણે ઇશ્વરનાં દર્શન કર્યાં એવા સદ્‌ગુરૂને પ્રાપ્ત કરો. મિથ્યા શાસ્ત્ર તર્ક કે વાદવિવાદમાં વખત ગુમાવશો નહિ. તેમ થવાથી ઉલટું ક્ષુદ્ર મન મલિન થઇ જશે.

૨૧. જેઓ જ્ઞાનાભિમાની છે તેઓ માત્ર શાસ્ત્રીય મીમાંસા અને તર્ક-યુકિતમાંજ ગુંથાયલા રહે છે, પણ બુદ્ધિમાન મનુષ્યો તો ઝટ ઇશ્વર સાથે સંબંધ જોડી પરમાનંદ ભોગવે છે.

૨૨. સંસારમાં રહીને જેઓ ઇશ્વરની સાધના કરી શકે છે તેઓજ સાચા વીર સાધક છે. મોહમાયામાં ફસાઇ પડનારા સાધકો ઢોંગી છે।

૨૩. જેમ કેટલાક ભકતો બે હાથમાં બે મંજીરા લઇ વગાડતા વગાડતા મુખેથી ભજન કરી શકે છે તેજ પ્રમાણે હે સંસારી જીવ ! તમે પણ હાથ વડે સંસારમાં અનેક કામ ભલે કરો પણ મુખેથી તો સર્વદા ઇશ્વરનું નામ સ્મરણ કરતા રહો.

૨૪. વિવેક, વૈરાગ્ય ધારણ કર્યા સિવાય શાસ્ત્રનો અભ્યાસ કરેલો મિથ્યા છે, વિવેક-વૈરાગ્ય ધારણ કર્યાં સિવાય ઇશ્વર પ્રાપ્ત થતા નથી. (સત્યાસત્યના વિચાર તથા દેહથી આત્માને પૃથક જાણવાની સત્તા અને પ્રકૃતિ પુરૂષના ભેદ જ્ઞાનને વિવેક અને વિષય-તૃષ્ણા અથવા કામિની કાંચનના ત્યાગને વૈરાગ્ય કહે છે.)

૨૫. મનને એકાગ્ર કરવા માટે ધ્યાન ધરવા બેસતાં પહેલાં હાથ વડે તાલીઓ વગાડી " જય હરિ, જય હરિ " શબ્દોચ્ચાર કરવો. વૃક્ષ નીચે ઉભા રહી હાથ-તાળી વગાડવાથી વૃક્ષપર બેઠેલાં પક્ષીઓ ઉડી જાય છે તેજ પ્રમાણે " જય હરિ " ઉચ્ચાર કરવાથી નઠારા વિચારો મનમાંથી ઉડી જાય છે.

૨૬. પ્રશ્ન: " ઉપાસના કેટલા સમય પર્યંત કરવી. "

ઉત્તર: " ઇશ્વરનું નામ સ્મરણ કરતાં કરતાં નેત્રમાંથી અશ્રુપાત થાય ત્યાં સુધી ઇશ્વર ઉપરનો અત્યંત પ્રેમ ભકતના નેત્રમાં આંસુ લાવે છે. "

૨૭. જો જ્ઞાની થવાની ઇચ્છા હોય તો " આગળ વધો. " સાધન કરતાં કરતાં અષ્ટ સિધ્ધિ વગેરે મળતાં ભુલાવામાં પડશો નહિ ! અંતે ઇશ્વરરૂપી અમુલ્ય ધન પ્રાપ્ત કરી સાચા શ્રીમંત બનશો.

૨૮. સાધુની સર્વદા સંગતિ રાખી સત્સંગ કરો. નિત્ય સત્સંગ કરો

૨૯. પ્રશ્નઃ "પુસ્તકોનો અભ્યાસ કર્યાથી ભક્તિ પ્રાપ્ત થાય છે કે?"

ઉત્તરઃ "પંચાંગમાં વિસ વસા જળ લખેલું હોય છે પરંતુ પંચાંગને નિચોવતાં તેમાંથી એક ટીપું પણ જળ પડતું નથી તેમ પુસ્તકોમાં અનેક ધર્મ-કથાઓ લખેલી હોય છે, માત્ર તેના અભ્યાસથી જ ધર્મ પ્રાપ્ત થતો નથી. ઇશ્વર-પ્રાપ્તી માટે સાધન કરવું જોઇએ.

૩૦. મનુષ્યનું મન, હોકાયંત્રની માછલી પેઠે હંમેશાં ઇશ્વર સન્મુખ રહેવા પામે તો તેને કોઇ પ્રકારનો ભય રહેતો નથી. હે મનુષ્ય! તું જે કોઇ કામ કરે તે વખતે એટલોજ વિચાર કરજે કેઃ "આ કામ કરવાથી ઇશ્વર-પ્રસન્ન થશે કે નહિં."

૩૧. જે વસ્તુ પ્રાપ્ત કરવાની ઇચ્છા થાય તે માટે યોગ્ય પ્રકારે સાધના કરો. સાધના કર્યા સિવાય ઇચ્છિત વસ્તુ શી રીતે પ્રાપ્ત થશે? ઇશ્વર દર્શન કરવા ચ્હાતા હો તો તે માટેના યોગ્ય માર્ગ ગ્રહણ કરો. તોજ ઇશ્વર-દર્શન થશે

૩૨. પ્રશ્નઃ "મુક્તિ ક્યારે થશે?"

ઉત્તરઃ "અહં, મમત્વ જશે ત્યારે-હું" અને "મ્હારૂં" એ ભાવના નષ્ટ થવી જોઇએ."

૩૩. સચ્ચિદાનંદરૂપી સાગરમાં ડુબકી મારો. કદાચ તમે કહેશો કેઃ "એ પ્રમાણે ડુબકી મારતાં કામ, ક્રોધરૂપી મગરો પકડી લેશે તો?" તેનો ઉત્તર એ છે કેઃ "શરીરે વિવેક, વૈરાગ્યરૂપી ઔષધ ચોપડીને ડુબકી મારો."

૩૪. પ્રશ્નઃ "કોઇ પ્રસંગે મનમાં ઉત્તમ વિચારો આવે છે પણ તે ચિર સ્થાયી રહેતા નથી તેનું કારણ શું!"

ઉત્તરઃ "ઢંકાયલો અગ્નિ ઓલવાઇ જાય છે માટે તેને હંમેશાં ફુંકી ફુંકીને જાગ્રત રાખવો જોઇએ. તેજ પ્રમાણે ઉત્તમ વિચારો સર્વદા ટકાવી રાખવા ઇશ્વર-સાધનની આવસ્યકતા છે."

૩૫. પ્રશ્ન. "હૃદયની કેવી અવસ્થા થતાં ઇશ્વર-દર્શન થાય?"

ઉત્તરઃ "હૃદય તદ્દન પવિત્ર, નિષ્કામ અને સ્થિર થતાં જ ઇશ્વર-દર્શન થાય છે."

૩૬. ઉપદેશકો તો અનેક જોવામાં આવે છે. પણ ઉપદેશ-પાલન કરે એવા શ્રોતાઓ ઘણા ઓછા છે. (ઉપદેશકો પોતે જ પોતાના ઉપદેશ

પ્રમાણે વર્તતા નથી તેથી શ્રોતાજનો પર તેના ઉપદેશની છાપ પડતી નથી !)

૩૭. કરોળીયો જેમ પોતાના ઘરમાં (જાળમાં) પોતેજ સપડાય છે તેજ પ્રમાણે સંસારી જીવો પોતાની કર્મ–જાળમાં પોતેજ સપડાય છે. વિવેક વૈરાગ્ય થતાંજ સંસારી બદ્ધ જીવ કર્મ–જાળ તોડી નાંખે છે. પછી તેને બંધન રહેતું નથી.

૩૮. લીલાં લાકડાંને ચૂલા ઉપર મૂકતાં તાપ લાગવાથી લાકડાંમાંનું જળ સૂકાઇ જઇ તે બળવા માંડે છે તેજ પ્રમાણે સાધુ–સંગ થતાં સંસારી જીવોના હૃદયમાંથી કામિની–કાંચનરૂપ જળ સુકાઇ જઇ વિવેકરૂપ અગ્નિ પ્રજ્વલિત થઇ ઉઠે છે.

૩૯. મન કુપ્રવૃત્તિમાં પ્રવેશે છે ત્યારે જાણે કૂતરાએ હાડકાંની વખારમાં પ્રવેશ કર્યો.

૪૦. આરસી ઉપર ધુળ પડવાથી જેમ તેમાં મુખ જોઇ શકાતું નથી. તેજ પ્રમાણે હૃદયમાં મલિનતા હોય તો તેમાં ઇશ્વરની મૂર્તિ ઉદય પામતી નથી. હૃદય નિર્મળ થતાંજ ઇશ્વરનાં દર્શન થાય છે.

૪૧. નઠારાં માણસોનું મન કુતરાની પૂંછડી જેવું છે. કુતરાનીપૂંછડી ગમે તેટલી ખેંચી રાખો તોપણ તે સીધી થશે નહિ. તેજ પ્રમાણે નઠારા માણસોનું મન કોઇપણ યત્ને બદલી શકાશે નહિં.

૪૨. પ્રશ્ન: " ઇશ્વરદર્શન માટે કયો માર્ગ ગ્રહણ કરવો શ્રેયસ્કર છે ? "

ઉત્તર: " આર્ય ઋષિયોનો સનાતન માર્ગ શ્રેયસ્કર છે. "

૪૩. જે વૃક્ષ ઉપર ફળ આવે છે તે નીચું નમી જાય છે. મ્હોટા થવાની ઇચ્છા હોય તો પ્રથમ ન્હાના થાઓ.

૪૪. પ્રતિમા–સાકાર મૂર્તિયો–માં ઇશ્વરની ભાવના રાખવામાં આવે તોજ ઇશ્વર પ્રાપ્તી થશે. તેને કાષ્ટ, પાષાણ માટી વગેરે જાણવાથી કંઇ પણ ફળ મળશે નહિ.

૪૫. ભગવાન, ભક્ત અને ભાગવત, એ ત્રણે એક રૂપ જ છે.

૪૬ પ્રશ્ન: " પ્રેમભકિતનું સ્વરૂપ શું ? "

ઉત્તર: " પ્રેમભક્તિ કરનાર સાધક, ઇશ્વરને પોતાના પ્રિય–આત્મીય જેવા જાણે છે. જેમ ગોપીકાઓ શ્રીકૃષ્ણને ગોપીનાથ કહેતી. જગન્નાથ કહેતી ન હતી.

૪૭. માયા અને સ્ત્રી, એ સર્વેનો આહાર કરી જાય છે.

૪૮. રાજાનો સાક્ષાત્કાર કરવા જતાં સિપાહી, કારકુન, વગેરેની અનેક ખુશામદ કરવી પડે છે તેજ પ્રમાણે ઇશ્વરનો સાક્ષાત્કાર કરવા જતાં નાના પ્રકારનાં સાધન-ભજન અને સાધુ સંગતિ કરવી જોઇએ.

૪૯. જે ઘરમાં હરિ-નામ સ્મરણ થાય છે તે ઘરમાં કલિનો પ્રવેશ થતો નથી.

૫૦. લજ્જા, ભય અને તિરસ્કાર, એ ત્રણ મનમાં રહેવાં ન જોઇએ, અર્થાત એ ત્રણ નષ્ટ થાય ત્યાં સુધી ઇશ્વર પ્રાપ્ત થતા નથી.

૫૧. જીવતાં મરી જાણે તેજ ખરો મનુષ્ય. અર્થાત જેની વાસનાઓ મરી ગઇ છે તેજ ઇશ્વર-દર્શન કરી શકશે.

૫૨. દુર્લભ્ય માનવજન્મ પ્રાપ્ત કરી જે મનુષ્ય ઇશ્વર પ્રાપ્ત કરવા યત્ન કરતો નથી તેનો જન્મ વૃથા સમજવો.

૫૩. પોતાનું સંતાન ખોવાઇ જતાં મનુષ્યો અન્ન જળની બાધા લે છે, અશ્રુપાત કરે છે પણ ઇશ્વર પ્રાપ્ત થતા નથી તે માટે કેટલાંએ અન્ન જળની બાધા લીધી અને કેટલાંએ અશ્રુપાત કર્યો છે વારૂં ?

૫૪. જેવી ભાવના તેવી સિદ્ધિ, એ વચન ઉપર દૃઢ વિશ્વાસ રાખજો

૫૫. જેટલા ધર્મ-સમ્પ્રદાય તેટલા ઇશ્વર-પ્રાપ્તીના માર્ગ જાણવા. પોતાના ધર્મ ઉપર શ્રદ્ધા રાખવી પણ બીજા ધર્મ પ્રત્યે દ્વેષ કિંવા નિંદા કરવી નહિં.

૫૬. ગુણવાન મનુષ્યો નમ્ર હોય છે પરન્તુ હીનબુદ્ધિના મનુષ્યો અહંકારને વશ થઇ પોતાને જ સર્વથી શ્રેષ્ઠ માને છે.

૫૭. અહંકાર કરવો વ્યર્થ છે. ધન, માન, જીવન, યૌવન વગેરે કોઇ પણ વસ્તુ ચિરકાલ ટકી શકશે નહિં. તમે ગમે તેટલા મ્હોટા શ્રીમંત કે હોદ્દેદાર હો, પરંતુ તે બધુ ચાર દિવસની ચાંદની જેવું છે.

૫૮. જેઓ દ્રવ્યનો સદ્ઉપયોગ કરી જાણતા નથી તેઓ મનુષ્યજ નથી. આકૃતિ મનુષ્યની પણ વ્યવહારમાં તેઓ પશુવતજ છે.

૫૯. જો સદ્‌ગુરૂ પ્રાપ્ત કરી શકશો તો ત્રણ વખત પ્રાર્થના કરતાંજ તમારો અહંકાર દૂર થઇ જશે.

૬૦. પૂર્વ દિશામાં જેમ જેમ ગમન કરશો તેમ તેમ પશ્ચિમ દિશા દૂર જશે. ધર્મ માર્ગમાં આગળ વધશો તેમ તેમ સંસારની માયા દૂર થશે.

૬૧. લોહની તરવારને પારસમણિનો સ્પર્શ થતાં જ તે સોનાની તરવાર થઇ જાય છે, તેની આકૃતિ તો પ્રથમના જેવીજ રહે છે છતાં તેના

વડે હિંસા કાર્ય થતું નથી. તેના વડે કોઇનું શરીર કપાતું નથી. તેજ પ્રમાણે ઇશ્વરનાં દર્શન કર્યા પછી ભક્તની આકૃતિમાં ફેરફાર થતો નથી. પણ તેની પ્રકૃતિ (સ્વભાવ) બદલાઇ જાય છે. તેના દ્વારા કોઇ અન્યાયી કાર્ય થતું નથી. તે મનુષ્ય કોઇ પ્રકારે અધર્મ કરી શકતો નથી.

૬૨. સમુદ્રમાં ગુપ્ત રહેલું લોહચુંબક જેમ એકાએક વહાણમાં રહેલા લોહને પોતાના તરફ આકર્ષી લઇ, લોહબંધ ઉકેલી નાંખી વહાણના કટકે કટકા કરી તેને ડૂબાવી દે છે તેજ પ્રમાણે જ્ઞાન–ચૈતન્યનો ઉદય થતાંજ તે અહંકાર અને સ્વાર્થપૂર્ણ જીવનના ક્ષણવારમાં કટકે કટકા કરી મનુષ્યને ઇશ્વર–પ્રેમસાગરમાં ડૂબાવી દે છે.

૬૩. દૂધ અને જળને એક સાથે રાખવાથી તે એકત્ર થઇ જાય છે પરન્તુ દૂધનું માખણ કરી જળ સાથે રાખીએ તો પછી તે જળની સાથે મળી શકતું નથી. ઇશ્વર–પ્રાપ્ત કરી શકાય તો પછી હજારો સંસારી બદ્ધ જીવોની સાથે રહેવા છતાં મનુષ્યને કોઇ પણ બંધન બદ્ધ કરી શકતું નથી.

૬૪. આ સંસાર તો ઇશ્વરની રંગભૂમિ (નાટકશાળા) છે. લીલા રસમય ઇશ્વર નાના પ્રકારે એ સ્થળે સદા લીલા કરી રહ્યા છે. માતા જેમ બાળકના હાથમાં રમકડું આપી ભ્રમણામાં નાંખી મૂકે છે તેજ પ્રમાણે ઇશ્વરે પણ નાના પ્રકારના પદાર્થો (ભોગ વિલાસ–સુખ) આપીને આપણને ભ્રમણામાં નાંખી મૂક્યા છે. પરન્તુ આપણે ક્ષણભંગુર પદાર્થો ઉપરથી મોહ-મમતા ઉઠાવી લઇ વ્યાકુળચિત્તે ઇશ્વર–દર્શન માટે રાતદિવસ અશ્રુપાત કરીશું–તેને શોધવા યત્ન કરીશું–ત્યારેજ તે તત્ક્ષણાત્ પ્રકટ થશે.

૬૫. ઇશ્વરનાં અનેક અનન્ત નામ અને અનેક ભાવ છે. જેને જે નામ અને જે ભાવનાથી પ્રાર્થના કરવાની ઇચ્છા થાય તેણે તે નામ અને તે ભાવનાથી (ઇશ્વરની) પ્રાર્થના કરવી જેથી તેને ઇશ્વર–દર્શન થશે.

૬૬. ઇશ્વર જગત્માં છે. જેમ આપણે કોઇ મનુષ્યની સ્હામે બેસી વાતચિત કરીએ છીએ તેમ ઇશ્વરની સાથે વાતચિત કરી શકાય છે. ઘણી સ્પષ્ટ રીતે હૃદયની વેદના કહી શકાય છે. અને તે દયાળુ પ્રભુ ભક્તની પ્રાર્થના જરૂર સાંભળે છે. એમાં કોઇએ જરા પણ શંકા કરવી નહિ. એક ચિત્તે, પવિત્ર મનથી પ્રાર્થના કર્યાજ કરો. ઇશ્વર તે પૂર્ણ કરશે.

૬૭. વાઘમાં પણ ઇશ્વર છે એ સત્ય પરંતુ તેની સ્હામે જવું ઉચિત નથી. તેમ દુષ્ટ મનુષ્યોમાં પણ ઇશ્વર છે ખરો પરંતુ દુષ્ટ મનુષ્યોની સંગતિ કરવી ઉચિત નથી.

૬૮. ઇશ્વરની ઉપાસના કરનાર–ઇશ્વર સાથે વાતો કરવાની ઇચ્છા રાખનાર ભકતે, વિષયોમાંથી ચિત્ત ખસેડી એક ચિત્તે તેની ઉપાસના–ભકિત કરવી જોઇએ તો જ તે સફળ થશે.

૬૯. સોયમાં સૂતરનો દોરો પરોવવો હોય તો તેનો છેડો નરમ કરવો પડે છે તેમ મનને ઇશ્વરમાં નિમગ્ન કરવું હોય તો દીન હીન, કંગાલ બની જવું જોઇએ.

૭૦. પવન એ ચંદન અને વિષ્ટા એ બન્નેની દુર્ગંધ વહન કરી લઇ જાય છે પરન્તુ તેમાંના કોઇની સાથે તે મળી જતો નથી. મુક્ત પુરૂષો–સત્ પુરૂષો–એ પ્રમાણેજ સારા–નઠારા બધાંજ માણસો સાથે સંસારમાં નિવાસ કરે છે છતાં તેઓ સંસાર સાથે એકત્ર થતા નથી.

૭૧. જે ત્રાજવાનું પલ્લું ભારે વજનદાર હોય છે તે નમી જાય છે, જે પલ્લું હલકું હોય છે ઉંચે જાય છે. હલકી પ્રકૃતિનાં મનુષ્યોનું એ પ્રમાણેજ સમજવું. જેઓ અહંકારી છે તે પોતાને ઉંચા માને છે પણ સત્ પુરૂષો પોતાને નીચાજ માને છે.

૭૨. જે વાસણમાં લસણને ઘુંટવામાં આવે છે તે વાસણને સેંકડો વખત માંજવા છતાં તેમાંથી લસણની દુર્ગંધ જતી નથી. " અહં, મમત્વ " પણ એવીજ દુષ્ટ–પાજી વસ્તુ છે. હજારો યત્ન કરવા છતાં તે જતું નથી.

૭૩. હાથમાં તેલ ચોપડી ફણસ સુધારવું જોઇએ. તો તેનો ચિકાસ હાથે વળગે નહિઃ તેજ પ્રમાણે જ્ઞાન–ભકિતરૂપી તેલ ચોપડી સંસારના કાર્ય કરવાં જોઇએ.

૭૪. મનુષ્યો અજ્ઞાનતાને લીધેજ પોતાના ધર્મ સમ્પ્રદાયને શ્રેષ્ઠ અને સત્ય કહે છે. પરન્તુ જ્ઞાન થતાં સર્વ ધર્મની ઉપર એક અખણ્ડ સચ્ચિદાનન્દ વિરાજેલો જોઇ શકાય છે.

૭૫. મન ચંચળ હોય, વિષયાસક્ત હોય તો સદુપદેશ–સાધુ સંગતિ વગેરે સર્વ નિષ્ફળ થાય છે.

૭૬. આ શરીર એ શું છે? હાડકાનું પિંજરૂં અને ચામડું એમાં રક્ત, માંસ, પરૂ ઇત્યાદિ અનેક નઠારી વસ્તુઓ ભરી છે! એ શરીરને માટે આટલો બધો અહંકાર શો? ભંગી લોકો એક વખત વિષ્ટા લઇ

જાય છે તેના ઉપર અન્ય માણુસોને તિરસ્કાર ઉપજે છે પરંતુ તેજ શરીરમાં રાતદિવસ વિષ્ટા ભરાઇ રહે છે અને મનુષ્યો તે રાતદિવસ વહન કરે છે છતાં પોતાને પોતાના ઉપર તિરસ્કાર નથી ઉપજતો ! ઉલટું એજ શરીરને માટે લોકોને અહંકાર રહે છે !

૭૭. શ્રી રામચંદ્રજીને સેતુ બાંધી સમુદ્રપાર જવું પડયું હતું અને હનુમાનજીના ફક્ત " જયરામ " એટલોજ શબ્દોચ્ચાર કરી સહજમાં સમુદ્ર આળંગી ગયા હતા. (ભક્તિ અને શ્રદ્ધાનું એ ફળ.)

૭૮. કામિની–કાંચનનો ત્યાગ કર્યા સિવાય ઇશ્વર–દર્શન થતાં નથી. વાસનાનો અંશ હશે ત્યાં સુધી ઇશ્વર દર્શન થશે નહિ ! માટે ન્હાની ન્હાની વાસનાઓનો પણ ત્યાગ કરો.

(स्वामी विवेकानंद कथित)

" *Great Sin is Fear.*" ભય એજ મહાપાપ છે. *Arise, Awake, and Stop not till the goal is reached.*

બ્રાહ્મણનું બાળક બ્રાહ્મણ કહી શકાય કયારે ? ગુણ અને કર્મ બ્રાહ્મણનાં હોવાં જોઇએ. ગુણ વડેજ જગત ચરણતલમાં આવે છે. ધર્મ અને પ્રેમના બળથી જગતનો જય કરી શકાય છે, શરીર બળવડે કદી નહિ; ધર્મ બળવડે જ હું ઇંગ્લેંડનો જય કરીશ.

I cannot trade in Love, not soul towards matter, but matter towards soul. ॐ तत्सत् *Thou art that Expansion is Life, Contraction is Death.*

गुरुर्ब्रह्मा, गुरुर्विष्णु गुरुर्देवो महेश्वर :

ગુરૂની કૃપા વિના કંઇ પણ બનશે નહિ. ગુરૂ કૃપાહિ કેવલમ:

જન્મથી મૃત્યુ પર્યંત રિપુઓ સાથે યુધ્ધ એનું જ નામ જીવન–ગમે તે આશ્રમમાં રહો પણ જીવન પર્યંત સંગ્રામ કરવું જ પડશે. *Life is a life like struggle.*

The soldeir has no right to murmur–but obey. No reason Why! First learn to obey–than command.

Love is life, hatred is death, પ્રેમ એજ જીવન, તિરસ્કાર એજ મૃત્યુ. કોનો તિરસ્કાર કરવો?

Have you love?–you are Omnipotent. Are you perfectly unselfish?–you are irresistable·

ગાય ઘાસ ભક્ષણ કરીને દૂધ આપે છે. અહા! કેવું પરોપકારી પવિત્ર જાનવર છે! અને માણસ?

I have come to fulfil, not to distroy. (એક વખત કાલી માતાનું પૂજન પ્રદક્ષિણા કરતી વખતે એક ભક્તે સ્વામી વિવેકાનંદને પૂછેલું કે તમે અદ્વૈતવાદી છો પછી મૂર્તિ પૂજા કેવી! તેના ઉત્તરમાં કહેલું છે કેઃ હું પ્રાચીન પ્રથા, મૂર્તિપૂજન આદિનું મંડન કરવા આવ્યો છું. ખંડન કરવા નહિ.

વાક્ય એ બ્રહ્મ સ્વરૂપ, (શબ્દબ્રહ્મ.)

Religion is realisation.

He conqures all who conquers self.

Man is born to conquer nature.

ભક્તનું હૃદય એ ભગવાનનું બેઠકખાનું છે.

No good is ever undone.

ભક્તનો વ્યવહાર ભગવાન જ ચલાવે છે.

જે દિવસથી શ્રી રામકૃષ્ણ પરમહંસનો જન્મ થયો છે તેજ દિવસથી સત્યુગનો આરંભ થયો છે.

કર્મ એ ચિત્ત શુધ્ધિને માટે છે. સંભાળજો મનમાં અહંકારનો પ્રવેશ ના થાય. *Eternal love and service free.*

સેવા અને દાન–ધર્મ કરી જીવનને ધન્ય માનો. બીજાને ધન્ય કહો. *Give as the rose gives perfume: Feel my boys, feel!*

Love the poor, the down trodden even unto death is our motto. I am ready to go to hundred-thousand hells to serve others. Let my life be a sacrifice at the altar of humanity.

Help not fight.

બ્રહ્મ સત્ય, જગત મિથ્યા. બ્રહ્મમયજ જગત્ છે. તેત્રિસ કોટી દેવતાઓ જીવ માત્રમાં રમી રહ્યા છે.

સંસાર મ્હારો નથી. તે તો ઇશ્વરનો છે. હું તેનો દાસ છું. એની આજ્ઞા પાલન કરવા જન્મ્યો છું.

A man who thinks woman as his wife, can never perfect be.

પ્રત્યેક સ્ત્રી એ ભગવતી–જગદંબાનો અંશ છે. તેમના ચરણમાં શ્રધ્ધા ભકિત રાખવી.

સાધુ કોને કહેવો ? જે પ્રવૃતિ અને નિવૃત્તિથી અતીત હોય તે.

Man makes money, never money made a man.

Is there any one who can stand in the street yonder and say that he possesses nothing but God and God alone ?

जय रामकृष्ण । जय रामकृष्ण । जय रामकृष्ण ।

નોંધ—શ્રી સંસ્કૃત વેદ પાઠશાળા આણંદ તરફથી તેસંસ્થાના વિદ્યા-દાન વિભાગના ધાર્મિક સાહિત્ય પ્રચારાર્થે આ પુસ્તકની પ્રત ૫૦૦ વિના મુલ્યે વહેંચવા માટે અગાઉથી ખરીદ કરવામાં આવી છે. તેની અત્રે નોંધ લેવામાં આવે છે.

શ્રી રામકૃષ્ણ સેવા

૧. આબુદમાં

મા રામકૃષ્ણ

" સહાયક " થઈ શકશે.

(૩) જેઓ આ સંસ્થાને એક સામટા એકસો ને એક આપશે તે " જીવન પર્યંત " તેમને વાર્ષિક ફી આપવી પડશે નહિ.

(૪) જેઓ આ સંસ્થાને દરવર્ષે " સભાસદ " થઈ શકશે.

(૫) આ સંસ્થાનું કાર્ય " વ્યવસ્થાપક મંડળ " અને બીજા વહીવટદાર સમિતિએ પોતાનું કાર્ય શરૂ કર્યું છે કે સમાચાર વખતો વખત સર્વે

સ્વામી વિવેકાનંદજી શું કહે છે?

મરવાની અણિવાળાઓએ
" એ નાબી આવી

ન વર્ષની ફાઇલ બાર અંકો તથા રામ
. છબી ૧૦×૧૨ની ભેટ. રાજયોગ
ના, પો. ૦૧.

ર્ષની ફાઇલ, બાર અંકો પૃષ્ઠ ૪૦૦,
શ્રી શારદામણિદેવીની છબી સાથે,

: પ્રતિપાદક—ધર્મોપદેશક માસિક
—૨—૦.

ના,

અમદાવાદ